### અરવલ્લી જિલ્લા પંચાયત આર.એન્ડ બી.ની મીલીભગત

## ઉંટરડા-ગમાનપુરા ડામર રોડના કામમાં ખુલ્લો ભ્રષ્ટાચાર

### માટી ઉપર ડામર પાથર્યો, પોપડા ઉખડ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ તાલુકાના ઉંટરડા-ગમાનપુરા સુધીના ડામર રોડનું કામ મામલે રાજય સરકાર દ્વારા અરવલ્લીમાં થયેલા ડામર રોડની તપાસ થાય તો ગાંધીનગરમાં બેઠેલા સમયથી આરોપ લાગેલા છે. કોઈપણ વિસ્તારમાં ડામર રોડના નબળા કામની ફરિયાદ આવે આવતા હોય છે. ઉંટરડા-ગમાનપુરા રોડનું નવીનીકરણ થયું અને નબળા કામે પોત પ્રકાશ્યું પછી કરતાં નીચે જરૂરી વાઈડરીંગ કામ અને મેટલ પાથર્યા વગર જ માટી ઉપર ડામર રોડ બનાવી દીધો




નબળું થયા પછી એજન્સી પાસે ફરીથી ડામર કામ કરવામાં આવ્યું તેમાં ખુલ્લો ભ્રષ્ટાચાર સામે આવ્યો છે. વિભાગના કાર્યપાલક ઈજનેર અને કોન્ટ્રાક્ટરોની ભાઈબંધી જિલ્લામાં જગજાહેર છે ત્યારે આ અધિકારીઓના પગ તળેથી જમીન ફસકી જાય એટલી હદે ભ્રષ્ટાચાર બહાર આવી શકે છે.

અરવલ્લી જિલ્લા પંચાયત આર. એન્ડ બી. કાર્યપાલક ઈજનેર વસાવાની કામગીરી સામે લાંબા એટલે કહેવાય છે કે અધિકારી મહાશયને ઘી-કેળાં થઈ જાય છે અને પછી મામલો સમેટી લેવામાં આવે છે. બાયડ તાલુકાના યાત્રાધામ ઉંટરડામાં દર મહિને ૧ લાખથી વધુ શ્રદ્ધાળુઓ દર્શન માટે કહેવાય છે કે અધિકારી મહાશયે આજીજી કરી કોન્ટ્રાક્ટર પાસે ફરીથી ડામર કામ કરાવ્યું પરંતુ જાગ્રત નાગરિકોને અગાઉથી જ ભ્રષ્ટાચારની ગંધ આવી ગઈ. ડામર રોડ પાથર્યા પછી તપાસ હતો. ભ્રષ્ટાચારી રોડનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં સનસનાટી મચી ગઈ છે. આવા અધિકારીઓની સંપત્તિની તપાસ થાય તો અનેક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.

## ડેરી ઉદ્યોગનું આ કેવું ગણિત..?? દૂધના ભાવ વધાર્યા, ઘી ના ભાવમાં ઘટાડો કર્યો

### સાબરડેરી દ્વારા અમૂલ ઘીના ભાવમાં કીલો દીઠ ૧૧નો ઘટાડો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

વધતી જતી મોંઘવારીમાં ડેરી ઉદ્યોગનું ગજબનું ગણિત જોવા મળ્યું છે. અમૂલ ડેરીએ દૂધના ભાવમાં વધારો કર્યા પછી સાબરકાંઠાની શિરમોર સહકારી સંસ્થા સાબરડેરી દ્વારા અમૂલ ઘી ના ભાવમાં કીલો દીઠ રૂા.૧૧ નો ઘટાડો કરતાં આશ્ચર્ય ઉભું થયું છે. અગાઉ અમૂલ ઘી ના ૧ કીલો ઘી ના રૂા.૪૩૧ હતો જે ઘટીને રૂા.૪૨૦ થયો છે. ટૂંકમાં દૂધમાં રૂા. ૨ ના ભાવ વધારા પછી સંભવિત રીતે ગ્રાહકોનો રોષ ઠારવા માટે આડકતરી રીતે ઘી ના ભાવમાં ઘટાડો કર્યાની ચર્ચા છેડાઈ છે.




કોરોનાની મહામારીમાં આર્થિક ભીંસમાં મૂકાયેલા પરિવારોને રાહત આપવાને બદલે ભાવ વધારાથી સરકાર પડતા ઉપર પાટુ મારતી હોય તેવું લાગી રહ્યું છે. રોજ ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા છે જેના કારણે પ્રજામાં છૂપો આક્રોશ આગામી સમયમાં જાહેર માર્ગો ઉપર દેખાવવાની સંભાવના છે. તાજેતરમાં અમૂલ ડેરી દ્વારા દૂધના ભાવમાં રૂા.૨ નો વધારો કરવામાં આવતાં હવે ચા ની ચૂસ્કી મોંઘી થઈ છે. એટલું જ નહીં પરંતુ મીઠાઈ સહિતની ચીજવસ્તુના ભાવ વધી શકે છે. દૂધના ભાવ વધારાનો ચણભણાટ શરૂ થયો ત્યાં આશ્ચર્ય વચ્ચે ડેરી ઉદ્યોગે ગજબનું ગણિત માંડ્યું છે જેમાં સાબરડેરી દ્વારા અમૂલ ઘી ના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૧ કીલોએ રૂા.૧૧ ઘટાડવાની સાથે ૧૫ કીલોના ડબામાં પણ ભાવ ઘટાડ્યા છે. અગાઉ પણ સાબરડેરી દ્વારા ૩ જૂને રૂા.૧૨ નો ઘટાડો કરવાની સાથે ફરીથી લૂઝ ઘી ના ભાવમાં ભાવ ઘટાડ્યા છે. ટૂંકમાં દૂધના ભાવમાં રૂા.૨ નો વધારો કર્યા પછી ડેરી વ્યવસાયના ચાણક્યોએ કેવી ગણતરી માંડી દૂધમાંથી તૈયાર થતા ઘી ના ભાવ ઓછા કર્યા તે આમપ્રજાને સમજાતું નથી.

## આજે પ્લાસ્ટીક બેગ ફ્રી-ડે, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્લાસ્ટીક મુક્ત અભિયાનનું સૂરસૂરીયું

### કાપડની થેલીઓ ક્યાંય દેખાતી નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

આજે ૩ જુલાઈના રોજ પ્લાસ્ટીક બેગ ફ્રી-ડે ની વૈશ્વિક ઉજવણી થવાની છે. પ્લાસ્ટીકનો તિરસ્કાર કરી પર્યાવરણને પુરસ્કાર આપવાના ઉમદા હેતુથી આ ઉજવણી શરૂ કરવામાં આવી છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અગાઉ શરૂ કરવામાં આવેલ પ્લાસ્ટીક અભિયાનનું સૂરસૂરીયું થયું છે. જિલ્લામાં પ્લાસ્ટીક ઉપર સંપૂર્ણ પ્રતિબંધ આવી શક્યો નથી જેના કારણે બજારમાં ખરીદી સમયે કપડાંની થેલીઓ ક્યાંય દેખાતી નથી. દરેક વ્યક્તિ પર્યાવરણને બચાવે તે હાલના ગ્લોબલ વોર્મિંગના સમયની માંગ છે પરંતુ પ્લાસ્ટીક બેગનો ઉપયોગ છૂટથી થઈ રહ્યો છે.



રોજીંદા જીવનમાં પ્લાસ્ટીકનો ઉપયોગ સતત વધતો જાય છે. પ્લાસ્ટીકનો નાશ થતો ન હોવાથી તે પ્રદૂષણ કરતું હોય છે તેમાંય જમીન, પાણી અને હવાને વધુ પ્રદૂષિત કરતું હોવાથી પ્લાસ્ટીકના વપરાશ ઉપર પ્રતિબંધ લાવવા માટેના વૈશ્વિક પ્રયાસો શરૂ થયા છે. દર વર્ષે તા.૩ જુલાઈના રોજ પ્લાસ્ટીક બેગ ફ્રી-ડે ની ઉજવણી થતી હોય છે. પ્લાસ્ટીકની થેલીઓ અન્ય ખોરાકની સાથે આરોગી જવાથી અસંખ્ય પશુઓના મોત નિપજતા હોય છે. પ્લાસ્ટીકને બાળવાથી પર્યાવરણમાં ડાયોક્સિન સહિત નુક્સાનકારક વાયુ હવામાં ભળતો હોવાથી પર્યાવરણને માઠું નુક્સાન થતું હોય છે. જેથી જાગૃત નાગરિકો પ્લાસ્ટીક બેગનો ઉપયોગ ટાળે અને પર્યાવરણ બચાવે તેવા આશયે ખાસ દિવસની ઉજવણી કરવામાં આવતી હોય છે. પ્લાસ્ટીકના ખતરાને જોતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારોમાં શાકભાજીના ફેરીયા, વેપારીઓને પ્લાસ્ટીક થેલીઓનો ઉપયોગ ન કરવા ખાસ અભિયાન છેડવામાં આવ્યું હતું. ખરીદી સમયે ગ્રાહકો પણ કપડાંની કે કાગળની થેલીનો ઉપયોગ કરે તે રીતે શહેરી વિસ્તારોને પ્લાસ્ટીક ળી કરવાનો પ્રયાસ થયો પરંતુ છેલ્લા ઘણા સમયથી પ્લાસ્ટીક મુક્તિનું અભિયાન હોંશિયામાં ધકેલાઈ ગયું છે. બંન્ને જિલ્લામાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ છતાં જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. રોજીંદા જીવનમાં પ્લાસ્ટીકનો વપરાશ વધવાની સાથે ખરીદી સમયે પ્લાસ્ટીકની બેગનો હજુય ઉપયોગ થઈ રહ્યો છે જેથી આજનો પ્લાસ્ટીક બેગ ળી-ડે માત્ર ને માત્ર ઉજવણીરૂપ બની રહેશે.




### બાયડ પાલિકા વિસ્તારમાં સફાઈ અભિયાન, દવા છંટકાવ શરૂ

બાયડ પાલિકા વિસ્તારમાં સફાઈ અભિયાન તેજ કરવામાં આવ્યું છે. ચોમાસા દરમ્યાન મચ્છરજન્ય રોગચાળો વકરે નહીં તે માટે ઝૂંપડપટ્ટી વિસ્તાર સહિત સ્ટેશન વિસ્તાર અને ગામમાં દવા છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે. પ્રજા પણ સ્વચ્છતાની આગ્રહી બને તેવી પાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે. ચોમાસુ આવે એટલે રોગચાળો માથું ઉંચકતો હોય છે. ભાજપ શાસિત બાયડ પાલિકા દ્વારા મચ્છરજન્ય રોગચાળાને પ્રારંભથી જ ડામી દેવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. છેલ્લા ૩ દિવસથી સફાઈ અભિયાન તેજ કરવામાં આવ્યું છે. જ્યાં પાણી ભરાઈ રહેતું હતું ત્યાં પણ વિશેષ સફાઈ હાથ ધરવામાં આવી છે. જ્યારે ચોમાસા દરમ્યાન વરસાદ વરસે એટલે બાયડ કન્યાશાળા સહિતના વિસ્તારોમાં પાણી અવરોધાતું હતું પરંતુ પાલિકા દ્વારા તમામ ગટરોની સાફસફાઈ સાથે પાણી કોઈપણ સ્થળે અવરોધાય નહીં તે પ્રકારની ખાસ ચીવટ રાખી સફાઈ કરવામાં આવી છે.

### પ્રાંત અધિકારીએ એવોર્ડના ચેક આપ્યા

## બાયડ તાલુકાની નારમીયાંનીમુવાડીના ખેડૂતોને ૧૩ વર્ષે જમીનનું વળતર નસીબ થયું, ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ તાલુકાના નારમીયાંનીમુવાડી ગામના ખેડૂતોની જમીન રોડ બનાવવા માટે સંપાદીત થઈ હતી અને દાયકાથી વળતર માટે તંત્ર સમક્ષ આજીજી કરતા રહ્યા છેવટે ૧૩ વર્ષે તેમનો સુખદ અંત આવ્યો છે. એપ્રોચ રોડમાં જમીન ગઈ હતી તેવા નારમીયાંનીમુવાડીના ખેડૂતોને બાયડ પ્રાંત અધિકારી ડાૅ.વિમલ બારોટના હસ્તે એવોર્ડ મુજબની રકમના ચેક આપવામાં આવતાં ખેડૂતોમાં ખુશાલી જોવા મળી હતી.

જિલ્લામાં અનેક ખેડૂતોની જમીન રોડ માટે સંપાદિત થયાના વર્ષો પછી પણ વળતર મળતું નથી તંત્ર સમક્ષ વારંવારની માંગ પછી પણ ઉકેલ ન આવતાં અનેક ખેડૂતોએ કોર્ટના દ્વાર ખટખટાવ્યા અને કોર્ટના આદેશ પછી પણ આર.એન્ડ બી. જિલ્લા પંચાયત દ્વારા અનેક ખેડૂતોને વળતર આપવામાં આવ્યું નથી. કેટલાક કિસ્સામાં તો કોર્ટ ઓફ કન્ટેન્મ્પટની કાર્યવાહી કરવા પણ આદેશ થયેલા છે. બાયડ તાલુકાના ચોઈલા-નારમીયાંનીમુવાડી ગામને જોડતા એપ્રોચ રોડ વર્ષ-૧૯૯૮માં મંજૂર થયો અને આર.એન્ડ બી. જિલ્લા પંચાયત દ્વારા કેટલાક ખેડૂતોની જમીન સંપાદિત કરવામાં આવી. વર્ષો સુધી વળતર ન મળતાં ખેડૂતોએ આત્મવિલોપનની ચીમકી પણ ઉચ્ચારી હતી. છેવટે બાયડ પ્રાંત અધિકારીએ તેમાં અંગત રસ દાખવી સંપાદિત જમીનની કાર્યવાહી પડતર હતી તેનો ઉકેલ લાવવામાં રસ દાખવ્યો અને શુક્રવારે આવા ખેડૂત ખાતેદારોને એવોર્ડ મુજબની રકમના ચેક આપવામાં આવતાં ખેડૂતોમાં ખુશાલી જોવા મળી. બાયડ પ્રાંત કચેરીના શિરસ્તેદાર આર. કે. પટેલની કામગીરીને પણ ખેડૂતોએ બિરદાવી હતી.



## જિલ્લાના આયોજકોની મૂંઝવણ : રથયાત્રા માટે પરવાનગી મળશે ખરી..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

રથયાત્રા પર્વ નજીક આવી રહ્યું છે તેમ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના રથયાત્રાના આયોજકોની મૂંઝવણ વધવા લાગી છે. તંત્ર દ્વારા રથયાત્રા માટે પરવાનગી મળશે ખરી..?? જે રીતે કોરોનાનું સંક્રમણ ઘટ્યું, સમગ્ર ગુજરાત અનલૉક થયું, જનજીવન સંપૂર્ણપણે ધબકતું થયું છે આ સંજોગોમાં રથયાત્રા માટે કેટલીક શરતોને આધિન પરવાનગી મળી શકે છે. જ્યાં સુધી તંત્ર દ્વારા રથયાત્રાના આયોજકોને ભગવાન જગન્નાથની રથયાત્રા કાઢવા માટે પરવાનગી નહીં મળે ત્યાં સુધી આયોજનમાં ઝડપ આવે તેવું જણાતું નથી. કોરોનામાં ૧૫ મહિનાથી ઘરમાં રહેલા ભક્તો કોઈપણ મેળાવડા યોજાયા નથી અને હવે અકળાયા છે. જેથી રથયાત્રા માટે પરવાનગી મળે તેની રાહમાં છે.

ગુજરાતમાં પણ રથયાત્રાઓનું આગવું મહત્વ રહેલું છે.

મોડાસા, ઈડરની રથયાત્રામાં સેંકડો ભક્તો દર વર્ષે ઉમટતા હોય છે પરંતુ ગત વર્ષથી કોરોનાનું સંક્રમણ વધ્યું અને રથયાત્રાનું આયોજન બંધ રહ્યું હતું પરંતુ હવે મોડાસા, ધનસુરા, ઈડરમાં રથયાત્રા યોજવા માટે મંજૂરી મળશે કે કેમ..?? તેને લઈને આયોજકોની મૂંઝવણ સતત વધી રહી છે. શામળાજી અને ખેડબ્રહ્મામાં પણ દર વર્ષે રથયાત્રાનું આયોજન થતું હોય છે. રાજ્યના તમામ વિસ્તારોમાં યોજાતી રથયાત્રાઓનો મદાર હવે અમદાવાદમાં રથયાત્રા યોજવા માટે મંજૂરી મળે તો જ જિલ્લા અને તેના શહેરી વિસ્તારોમાં રથયાત્રાને તંત્ર મંજૂરી આપી શકે તેવું ગણિત મંડાયું છે. જો છેલ્લી ઘડીએ રથયાત્રા માટે પરવાનગી નહીં મળે તો મંદિર પરીસર પૂરતી જ રથયાત્રા યોજવાનો પણ આયોજકોએ અંદરખાને નિર્ણય કર્યો છે.

## લીંભોઈના યુ.જી.વી.સી.એલ. ગોડાઉનમાં ભીષણ આગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

મોડાસાના લીંભોઈ પાસે આવેલ ઉત્તર ગુજરાત વિજ કંપનીના ગોડાઉનમાં આગ ભભૂકી ઉઠતાં મીટર બોક્સ સહિતનો જથ્થો આગમાં ભસ્મિભૂત થયાની સંભાવના છે. માતબર નુક્સાનની આશંકા સેવાય છે પરંતુ આગને લઈને પણ અનેક તર્ક થઈ રહ્યા છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર મોડાસા યુ.જી.વી.સી.એલ. કચેરી લાંબા સમયથી ચર્ચામાં રહી છે. અગાઉના સમયમાં ખોટી રીતે મીટર આપવા, કેટલીક સામગ્રી ચોરાઈ જવી..જેવા અનેક આરોપ લાગેલા છે ત્યારે લીંભોઈ પાસેના યુ.જી.વી.સી.એલ.ના ગોડાઉનમાં આગ ભભૂકતાં દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા. આસપાસથી દોડી આવેલા ખેડૂતોએ કેટલીક સામગ્રીને બચાવવાનો પ્રયાસ કર્યો પરંતુ પવનના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં મોડાસા ફાયર ફાઈટરને આગ બુઝાવવાની કામગીરીમાં જોડવામાં આવ્યું હતું.

### દુઃખદ અવસાન

બાયડના અજીતભાઈ પંડ્યાના મોટાભાઈ અશોકભાઈ



રમણલાલ પંડ્યાનું દુઃખદ નિધન થયેલ છે. સદ્‌ગતનું બેસણું ૪ જુલાઈ, રવિવારે ૧૦ થી ૪ તેમના નિવાસસ્થાન વિવેકાનંદ સોસાયટી, વિ. ૩માં રાખેલ છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## ડ્રગ્સ હેરાફેરી વધી : સાબરકાંઠા, અરવલ્લી પોલીસ વડાને અલગ સ્કવોર્ડ બનાવવા આદેશ..!!

### મોડાસા, મેઘરજ, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના વિસ્તારમાં ડ્રગ્સની હેરાફેરી વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

ઉડતા પંજાબ જેવી ગુજરાતમાં સ્થિતિ પ્રવર્તિ રહી છે. સાબરકાંઠા, અરવલ્લીનું યુવાધન હવે ડ્રગ્સના રવાડે ચઢતાં અનેક વાલીઓ ચિંતિત બન્યા છે. ડ્રગ્સના રવાડે ચઢી બરબાદ થયેલા યુવાનો કેટલીક ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે અને સમાજ-ગામમાં બદનામી થાય તે વધારાની. ત્યારે રાજ્ય પોલીસ વડા આશિષ ભાટીયાએ ડ્રગ્સ માફીયાઓ સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લઈ રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી પોલીસ વડાને અલગ સ્કવોર્ડ બનાવવા આદેશ આપ્યા છે. જિલ્લામાં ગાંજો, ચરસ, અફીણ, પોષડોડાનું મોટાપાયે કેટલાક વ્યસનીઓ દ્વારા સેવન થઈ રહ્યું છે જેમાં મોડાસા, મેઘરજ, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના વિસ્તારમાં ડ્રગ્સની હેરાફેરી વધ્યાની લોકચર્ચા છે.

યુવાધન અત્યાર સુધી દારૂનાં હાટડાંના કારણે બરબાદ થતું હતું પરંતુ છેલ્લા કેટલાય સમયથી ગુજરાતમાં શામળાજીથી શરૂ થતો નેશનલ હાઈવે નં.૮ છેલ્લા કેટલાય સમયથી ડ્રગ્સ હેરાફેરીનો કોરીડોર માર્ગ બની રહ્યો છે. શામળાજી તેમજ પ્રાંતિજ ટોલનાકા નજીકથી અત્યાર સુધીમાં કરોડોની કિંમતના ડ્રગ્સ ઝડપાયા પછી મુખ્ય સૂત્રધારો આજદિન સુધી તપાસ ટીમને મળ્યા નથી. ડ્રગ્સ હેરાફેરીમાં કેરીયરોને જે રીતે રકમ ચૂકવવામાં આવે છે તે જોતાં આવા મામલા દબાવવામાં પણ મોટી ચાલાકી થઈ હોવાની આશંકા છે. ગુજરાત અને તેના તમામ જિલ્લાઓને ડ્રગ્સ માફીયાઓથી મુક્ત કરવાના નિર્ણય સાથે રાજ્ય પોલીસ વડાએ એક્શન પ્લાન તૈયાર કર્યો છે તે મુજબ શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ડ્રગ્સ માફીયાઓને શોધી કાઢવા માટે વોચ ગોઠવવામાં આવશે. સાબરકાંઠા, અરવલ્લી પોલીસ વડાને અલગ સ્કવોર્ડ બનાવવા આદેશ આપવામાં આવ્યા છે જેમાં સ્કવોર્ડની ટીમમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી-કર્મચારીઓને માત્ર નશીલા પદાર્થો પકડવાની કામગીરી સોંપવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.


## અશ્રુભીની શ્રદ્ધાંજલિ




સ્વ. રાજેશકુમાર ડાહ્યાભાઈ પટેલ
સ્વ. તા. ૩૦/૬/૨૦૨૧, બુધવાર
બાયડ, જી. અરવલ્લી

તમે એકપલમાં જીંદગીભરનું
સંભારણું છોડીને ચાલ્યા ગયા,
જીંદગી હતી ટૂંકી છતાં
લાગણી ઘણી મૂકી ગયા,
જીવ્યા થોડું પણ
જીવી ઘણું ગયા,
હસીને હસાવનાર
બધાને રડાવી ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.
ડાહ્યાભાઈ જેઠાભાઈ પટેલ (પિતા)
સ્વ. પ્રેમીલાબેન ડાહ્યાભાઈ પટેલ (માતા)
ભાવિનભાઈ ડાહ્યાભાઈ પટેલ (ભાઈ)
ભાવનાબેન ભાવિનભાઈ પટેલ (ભાભી)
ગં.સ્વ. લીનાબેન રાજેશકુમાર પટેલ (પત્ની)
સાવન રાજેશકુમાર પટેલ (પુત્ર)
બંસરી સાવનકુમાર પટેલ (પુત્રવધૂ)
દિપ રાજેશકુમાર પટેલ (પુત્ર)
ધ્રુમીલ ભાવિનભાઈ પટેલ (ભત્રીજો)
એ-૨૧, ઘનશ્યામનગર સોસાયટી, ગાયત્રી મંદિર પાસે, બાયડ, જી. અરવલ્લી